# Gujarat Common Admission Services (GCAS)

## Education Department, Government of Gujarat

શૈક્ષણિક વર્ષ 2025 – 2026માં GCAS દ્વારા થનાર પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત રાજ્યની 15 સરકારી યુનિવર્સિટીઓ સંલગ્ન તમામ સરકારી કૉલેજો, બિન સરકારી અનુદાનિત કૉલેજો, સેલ્ફ–ફાઇનાન્સ કૉલેજો તથા યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ/ભવનોમાં GCAS પોર્ટલ પર વિદ્યાર્થી વિના મૂલ્યે પોતાનું રજિસ્ટ્રેશન કરાવી શકશે. આ માટે વિદ્યાર્થીએ સૌપ્રથમ ક્વિક રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. આ ક્વિક રજિસ્ટ્રેશન વિદ્યાર્થી પોતાના મોબાઈલ દ્વારા જાતે અથવા ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર પરથી કરી શકશે.


# વિદ્યાર્થીના ફોર્મ ફીલિંગ માટેની માર્ગદર્શિકા: ક્વિક રજિસ્ટ્રેશન

### વિદ્યાર્થીએ ક્વિક રજિસ્ટ્રેશન કરવા માટેની પ્રક્રિયા:


વિદ્યાર્થીએ નીચેની માર્ગદર્શિકા પ્રમાણે ક્વિક રજિસ્ટ્રેશન કરવું.

સૌ પ્રથમ GCAS પોર્ટલ https://GCAS.gujgov.edu.in/ પર જાઓ અથવા QR કોડ સ્કેન કરો.

GCAS પોર્ટલ https://GCAS.gujgov.edu.in/ પર જવાથી અથવા QR કોડ સ્કેન કરવાથી GCASનું હોમપેજ ખુલશે જેમાં Apply Now પર ક્લિક કરવાનું રહેશે.




Apply Now પર ક્લિક કરવાથી નીચે મુજબની Quick Registration માટેની એક વિન્ડો ખૂલશે. જેમાં જરુરી વિગતો ભરવાની રહેશે.




1. **અભ્યાસક્રમનો પ્રકાર:** અહીં વિદ્યાર્થી જે અભ્યાસક્રમમાં પ્રવેશ લેવા ઈચ્છે છે તે વિકલ્પ પસંદ કરવો. ઉદાહરણ તરીકે, જો વિદ્યાર્થી બી.એ. માં પ્રવેશ મેળવવા ઈચ્છે છે તો Under Graduate અભ્યાસક્રમ પસંદ કરવાનો રહેશે અને એમ.એ. માં પ્રવેશ મેળવવા ઈચ્છે છે તો Post Graduate અભ્યાસક્રમ પસંદ કરવાનો રહેશે.
2. **APAAR આઈ ડી (ABC આઈ ડી):** જો વિદ્યાર્થી પાસે APAAR આઈ ડી (ABC આઈ ડી) હોય તો અહીં દર્શાવવું.
3. **માર્કશીટ મુજબ નામઃ** વિદ્યાર્થીની SSC/HSCની માર્કશીટ/સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવ્યા મુજબનું પોતાનું નામ લખવાનું રહેશે.
4. **કેટેગરી:** સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ કેટેગરી અંગેના પ્રમાણપત્ર મુજબની વિદ્યાર્થીને લાગુ પડતી કેટેગરીના જ વિકલ્પની પસંદગી કરવાની રહેશે. જો વિદ્યાર્થી ઓપન કેટેગરીમાં આવતા હોય તેઓએ General વિકલ્પ પસંદ કરવો.
5. **જાતિ:** અહીં વિદ્યાર્થીએ તેઓને લાગુ પડતી જાતિ પસંદ કરવાની રહેશે.
6. **જન્મ તારીખ:** શાળા છોડયાના પ્રમાણપત્ર કે SSCની માર્કશીટ ના આધારે, DD/MM/YYYY ફોર્મેટ મુજબ જન્મ તારીખ લખવાની રહેશે.
7. **બાહેંધરી:** અહીં વિદ્યાર્થીએ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના વિવિધ પ્રકલ્પોની માહિતી જો પોતાના મોબાઈલ કે ઈ–મેલમાં મેળવવા ઈચ્છતા હોય તો તે પ્રકારની સંમતિ પર ટીક કરવાનું રહેશે.
8. **મોબાઈલ નંબર અને ઈ–મેલ આઈડી:** વિદ્યાર્થી દ્વારા આપવામાં આવેલ મોબાઈલ નંબર તથા ઈ–મેલ આઈડી બંને પર અલગ અલગ OTP આવશે. આથી, વિદ્યાર્થી દ્વારા વપરાશમાં હોય તેવો મોબાઈલ નંબર તથા ઈ–મેલ આઈડી ફોર્મ ભરતી વખતે લખવાના રહેશે તથા પ્રવેશની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી આ મોબાઈલ નંબર અને ઈ મેઈલ આઈડી કાર્યરત રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
9. **OTP મેળવી ફોર્મ સબમિટ કરવાની પ્રક્રિયા:** તમામ જરુરી માહિતી ભર્યા બાદ 'Get OTP' પર ક્લિક કરવું. ક્લિક કર્યા બાદ વિદ્યાર્થી દ્વારા આપવામાં આવેલ ઈ–મેલ આઈડી તથા મોબાઈલ નંબર પર અલગ–અલગ OTP આવશે. આ બંને OTP એન્ટર કર્યા બાદ કેપ્ચા કોડ એન્ટર કરી સબમિટ બટન પર ક્લિક કરવાનું રહેશે.
10. **યુઝર નેમ અને પાસવર્ડ:** ક્વિક રજિસ્ટ્રેશનની પ્રક્રિયા સફળતા પૂર્વક પૂર્ણ કર્યા બાદ આપે GCAS પર રજિસ્ટર્ડ કરાવેલ ઈ–મેલ આઈડી તથા મોબાઈલ નંબર પર, GCAS દ્વારા યુનિક લોગ–ઈન આઈડી (યુઝર નેમ) અને પાસવર્ડ મોકલવામાં આવશે. આ લોગ–ઈન આઈડી (યુઝર નેમ) તથા પાસવર્ડની મદદથી આપ GCASની પ્રવેશ પ્રક્રિયા માટેનું ફોર્મ ભરવા માટે લોગ–ઈન કરી શકશો. આથી, આ લોગ–ઈન આઈડી (યુઝર નેમ) તથા પાસવર્ડ વિદ્યાર્થીએ સાચવી રાખવો.

# વિદ્યાર્થીના ફોર્મ ફીલિંગ માટેની માર્ગદર્શિકા: સંપૂર્ણ ફોર્મ


**યુઝર નેમ અને પાસવર્ડની મદદથી લોગ–ઈન:**

ક્વિક રજિસ્ટ્રેશનની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ, GCAS દ્વારા યુનિક લોગ–ઈન આઈડી (યુઝર નેમ) અને પાસવર્ડ વિદ્યાર્થીના રજીસ્ટર્ડ ઈ–મેલ આઈડી તથા મોબાઈલ નંબર પર મોકલવામાં આવશે. આ યુનિક લોગ–ઈન આઈડી (યુઝર નેમ) અને પાસવર્ડ એન્ટર કરીને લોગ–ઈન કરી શકાશે. આ ઉપરાંત વિદ્યાર્થી લોગ–ઈન આઈડી (યુઝર નેમ) અને OTP દ્વારા પણ લોગ–ઈન કરી શકશે.


ઓનલાઈન અરજી ફોર્મ ભરવા માટેના સોપાનો :

**GCAS પોર્ટલની લિંક:**

1) https://GCAS.gujgov.edu.in/





લોગ–ઈન કરતી વખતે વિદ્યાર્થી જે પ્રોગ્રામમાં એડમિશન લેવા ઈચ્છે છે તે પ્રોગ્રામ ટાઈપને ડ્રોપડાઉન મેનુ માંથી સિલેક્ટ કરવાનું રહેશે.





પ્રોગ્રામ ટાઈપને સિલેક્ટ કર્યા બાદ વિદ્યાર્થીએ કેપ્ચા લખવાનો રહેશે. ત્યારબાદ Sign In પર ક્લિક કરવાથી ડેશબોર્ડ સ્ક્રીનદેખાશે.

## ભાષા પસંદગી:

વિદ્યાર્થી ડેશબોર્ડ સ્ક્રીનમાં પોતાની અનુકૂળતા મુજબની અંગ્રેજી કે ગુજરાતી ભાષાની પસંદગી કરી શકશે. આ માટે ડેશબોર્ડ સ્ક્રીનના જમણી તરફ ઉપરની બાજુએ આપેલ ભાષાનો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.





ડેશબોર્ડ સ્ક્રીનમાં નીચે મુજબના ઓનલાઈન અરજી તેમજ પ્રવેશની કાર્યવાહીની પ્રગતિ દર્શાવતા ફિલ્ડ્સ જોવા મળશે. આ તમામ ફિલ્ડ્સ શરુઆતમાં લાલ રંગના હશે. જે–તે ફિલ્ડની સંપૂર્ણ માહિતી ભર્યા કે જરૂરિયાત મુજબની પ્રવેશને લગતી કાર્યવાહી કર્યા બાદ જે–તે બટન લીલા રંગનું દેખાશે.





## રજિસ્ટ્રેશન ફી (પેમેન્ટ):


વિદ્યાર્થીએ સૌપ્રથમ પેમેન્ટના બટન પર ક્લિક કરવાનું રહેશે.




પેમેન્ટ બટન પર ક્લિક કરવાથી સ્ક્રીન પર નીચે મુજબની પેમેન્ટ માટેની વિન્ડો ખુલશે. જેમાં GCASની રજિસ્ટ્રેશન ફી રૂ. 300/– ફક્ત ઓનલાઈન મોડથી જ (UPI, QR, એટીએમ/ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, નેટ બેન્કિંગ, મોબાઈલ બેન્કિંગ વગેરે) ભરવાની રહેશે.



સફળતાપૂર્વક ફી ભર્યા બાદ ડેશબોર્ડ સ્ક્રીનમાં પેમેન્ટ બટન લીલા રંગનું દેખાશે તથા Payment Status માં Successful દેખાશે. જેની બાજુમાં ભૂરા રંગના બટન પર ક્લિક કરવાથી વિદ્યાર્થી ફીની રસીદ ડાઉનલોડ કરી શકશે.




**GUJARAT COMMON ADMISSION SERVICES**
Education Department, Government of Gujarat

**Online Payment Receipt**

| | |
|---|---|
| **Academic Year:** | 2025 - 2026 |
| **Application Number:** | UG2500005331 |
| **Applicant Name** | [redacted] |
| **Mobile No.** | [redacted] |
| **Email** | [redacted] |
| **Payment Reference No:** | AFON25021300000003 |
| **Payment Gateway Transaction No:** | [redacted] |
| **Bank Transaction No:** | [redacted] |
| **Amount** | 300.00 |
| **Transaction Date:** | 30/04/2025 09:11AM |
| **Payment Status:** | Successful |


*This is system generated application copy.

Printed by: Generated On: 30/04/2025 09:18


**નોંધ: રજિસ્ટ્રેશન ફી નોન–રીફંડેબલ છે. એટલે કે રજિસ્ટ્રેશન ફી પરત મળવાપાત્ર નથી જેની વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવી.**

## પ્રોફાઈલ:

વિદ્યાર્થીએ પોતાની વ્યક્તિગત માહિતી ભરવા માટે પ્રોફાઈલ બટન પર ક્લિક કરવાનું રહેશે.




પ્રોફાઈલ બટન પર ક્લિક કરવાથી સ્ક્રીનમાં નીચે મુજબની વિન્ડો ખુલશે જેમાં જરૂરી વિગત ભરવાની રહેશે.




## કોર્સ/પ્રોગ્રામ પ્રકાર અને અરજી નંબર:

વિદ્યાર્થી દ્વારા પસંદ કરેલ કોર્સ ટાઈપ અને GCAS દ્વારા ફાળવવામાં આવેલ એપ્લિકેશન નંબર દેખાશે જેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર વિદ્યાર્થી કરી શકશે નહીં.

## અરજીકર્તાનું નામ:

ફોર્મ ભરનારે વિદ્યાર્થીની H.S.C.ની માર્કશીટ/સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં જણાવ્યા મુજબનું વિદ્યાર્થીનું નામ લખવાનું રહેશે. નામ લખતી વખતે ખાસ ધ્યાન આપવું કે નામમાં જગ્યા (Space) અને અન્ય અક્ષરો માર્કશીટ મુજબ જ હોવા જોઈએ.

**જન્મ તારીખ:**

શાળા છોડયાના પ્રમાણપત્ર કે S.S.C./H.S.C. ની માર્કશીટ/ક્રેડીટ સર્ટીફીકેટમાં આપ્યા મુજબ, DD/MM/YYYY ફોર્મેટ પ્રમાણે જન્મ તારીખ લખવાની રહેશે.

**ઈ-મેલ આઈડી અને મોબાઈલ નંબર:**

વિદ્યાર્થી દ્વારા આપવામાં આવેલ ઈ-મેલ આઈડી અને મોબાઈલ નંબરનું GCASમાં રજિસ્ટ્રેશન થશે અને રજિસ્ટર્ડ ઈ-મેલ આઈડી અને મોબાઈલ નંબર પર OTP તથા પ્રવેશ પ્રક્રિયા અંગેની મહત્વની સૂચના વિદ્યાર્થીને ઈ-મેલ અને SMS દ્વારા આપવામાં આવશે. આથી, વિદ્યાર્થી દ્વારા વપરાશમાં હોય તેવા જ ઈ-મેલ આઈડી અને મોબાઈલ નંબર લખવાના રહેશે.

**પિતાનું નામ:**

વિદ્યાર્થીએ તેના પિતાનું પૂરું નામ (નામ-પિતાનું નામ-અટક) દર્શાવવાનું રહેશે.

**માતાનું નામ:**

વિદ્યાર્થીએ તેની માતાનું પૂરું નામ (નામ-પતિ/પિતાનું નામ-અટક) દર્શાવવાનું રહેશે.

**માતા/પિતાનો મોબાઈલ નંબર:**

વિદ્યાર્થીએ માતા કે પિતા બંને માંથી કોઈપણ એકનો મોબાઈલ નંબર અહીં દર્શાવવાનો રહેશે.

**કેટેગરી:**

સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ કેટેગરી અંગેના પ્રમાણપત્ર મુજબની વિદ્યાર્થીની કેટેગરીના જ વિકલ્પની ડ્રોપડાઉન મેનુમાંથી પસંદગી કરવાની રહેશે. ઉદાહરણ તરીકે, SC/ST/SEBC (OBC)/EWS. જો કોઈ વિદ્યાર્થી કોઈપણ કેટેગરીમાં આવતા ના હોય તો General વિકલ્પ પસંદ કરવો.

**જાતિ પ્રમાણપત્રની તારીખ:**

જો વિદ્યાર્થીએ ઉપરોક્ત કેટેગરીના ફિલ્ડમાં SC/ST/SEBC (OBC) જેવી કેટેગરી દર્શાવેલ હશે તો આ ફિલ્ડ ઓપન થશે. અહીં વિદ્યાર્થીએ સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ જાતિના પ્રમાણપત્ર આપ્યાની તારીખ DD/MM/YYYY ફોર્મેટ પ્રમાણે દર્શાવવાની રહેશે.

**નોન-ક્રીમી લેયર પ્રમાણપત્રની તારીખ:**

જો વિદ્યાર્થીએ ઉપરોક્ત કેટેગરીના ફિલ્ડમાં SC/ST/SEBC (OBC) જેવી કેટેગરી દર્શાવેલ હશે તો આ ફિલ્ડ ઓપન થશે. અહીં વિદ્યાર્થીએ સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ જાતિના પ્રમાણપત્ર આપ્યાની તારીખ DD/MM/YYYY ફોર્મેટ પ્રમાણે દર્શાવવાની રહેશે.

**જાતિ:**

અહીં વિદ્યાર્થીએ તેને લાગુ પડતી જાતિ પસંદ કરવાની રહેશે.

**દિવ્યાંગતાનો પ્રકાર:**

જો વિદ્યાર્થી દિવ્યાંગ (PwBD – Person with Benchmark Disability) હોય તો અહીં આપેલ ડ્રોપડાઉન મેનુ માંથી સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગતાના પ્રમાણપત્ર મુજબની તેની દિવ્યાંગતાનો પ્રકાર અહીં પસંદ કરવાનો રહેશે. જો વિદ્યાર્થી દિવ્યાંગ ન હોય તો ડ્રોપડાઉન મેનુ માંથી “None” પસંદ કરવાનું રહેશે.

અહીં ડ્રોપડાઉન મેનુમાં દિવ્યાંગતાના નીચે મુજબનાં પ્રકારો આપવામાં આવેલ છે:

(a) Blindness and low vision
(b) Deaf and Hard of Hearing
(c) Locomotors disabilities including cerebral palsy, leprosy cured, dwarfism, acid attack victims and muscular dystrophy
(d) Autism, intellectual disability, specific learning disability and mental illness
(e) Multiple disabilities from amongst persons under (a) to (d) including deaf-blindness in the post identified for each disability.

**નોંધ:** દિવ્યાંગ વિદ્યાર્થીએ અરજીમાં દર્શાવેલ દિવ્યાંગતાને આધારે તેણે પસંદ કરેલ યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામમાં પ્રવેશ મળવાપાત્ર છે કે કેમ તે માટે તેણે સંબંધિત યુનિવર્સિટી–કોલેજનો સંપર્ક કરવાનો રહેશે. યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામમાં પ્રવેશની કાર્યવાહી સંબંધિત યુનિવર્સિટી–કોલેજ દ્વારા તેમના નિયમોને આધિન કરવામાં આવે છે.

## દિવ્યાંગતાની ટકાવારી:

જો વિદ્યાર્થીએ દિવ્યાંગતાના પ્રકારમાં "None" સિવાયની કોઈપણ દિવ્યાંગતા દશાવેલ હોય તો સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગતાના પ્રમાણપત્ર મુજબની દિવ્યાંગતાની ટકાવારી લખવાની રહેશે.

## લઘુમતી:

જો વિદ્યાર્થી ભારત/ગુજરાત સરકાર દ્વારા માન્ય લઘુમતી દરજ્જાના હોય તો અહીં હા અન્યથા ના દર્શાવવું.

## રાષ્ટ્રીયતા:

વિદ્યાર્થીએ તેની રાષ્ટ્રીયતા અહીં દર્શાવવાની રહેશે.

## ધર્મ:

વિદ્યાર્થીએ તેનો ધર્મ અહીં આપેલ ડ્રોપડાઉન મેનુમાંથી પસંદ કરી દર્શાવવાનો રહેશે.

## આધાર નંબર:

વિદ્યાર્થીએ તેનો ૧૨ આંકડાનો આધાર નંબર અહીં દર્શાવવાનો રહેશે.


## આધાર મુજબ નામ:

વિદ્યાર્થીના આધાર કાર્ડમાં તેનું નામ જે મુજબ દર્શાવેલું હોય તેમ અહીં લખવાનું રહેશે.

## અપાર આઇ.ડી./એબીસી આઇ.ડી.:

વિદ્યાર્થી પાસે જો તેના ૧૨ આંકડાના અપાર આઈ.ડી. કે એબીસી આઈ.ડી.ની વિગત હોય તો તે અહીં લખવાની રહેશે.

**નોંધ:** ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ માટે અપાર આઈ.ડી./એબીસી આઈ.ડી અનિવાર્ય છે. જો વિદ્યાર્થીએ તેનો અપાર આઈ.ડી./એબીસી આઈ.ડી. ના બનાવેલ હોય તો તે https://www.abc.gov.in વેબસાઈટ પર જઈને અપાર આઈ.ડી./એબીસી આઈ.ડી. બનાવી શકે છે.





## સરનામાની વિગતો:


### હાલનું સરનામું:

વિદ્યાર્થીએ તેનું હાલનું સરનામું, રાજ્ય, જિલ્લો, તાલુકો, ગામ/નગર/શહેર, પીન કોડ અને વિસ્તાર (શહેરી કે ગ્રામ્ય) અહીં દર્શાવવાના રહેશે.

### કાયમી સરનામું:

વિદ્યાર્થીએ અહીં પોતાનું કાયમી સરનામું લખવાનું રહેશે. જો વિદ્યાર્થીનું હાલનું અને કાયમી સરનામું એક સમાન હોય તો Same as Presentમાં ટીક કરવાનું રહેશે.





## ધોરણ – ૧૦ (એસ.એસ.સી.) ની વિગત:

વિદ્યાર્થીએ પોતાની ધોરણ 10ની માર્કશીટ મુજબ તમામ વિગત ભરવાની રહેશે. આ વિગત ભરતી વખતે ટકાવારીના ખાનામાં કુલ મેળવેલ ટકા લખવાના રહેશે. અહીં ખાસ નોંધ લેવી કે વિદ્યાર્થીએ પર્સેન્ટાઈલ લખવાના નથી, ફક્ત ટકા જ લખવાના રહેશે.

## ફોટોગ્રાફ અને સહી:

ફોટોગ્રાફ અને સહી ફક્ત jpg/jpeg ફોર્મેટમાં જ અપલોડ કરવાના રહેશે તથા જેમાં ફોટોગ્રાફની મહત્તમ સાઈઝ 5 M.B.ની તથા સહીની મહત્તમ સાઈઝ 2 M.B.ની રાખવાની રહેશે.

તમામ માહિતી ભરાઈ ગયા બાદ વિદ્યાર્થીએ '**સેવ કરો અને આગળ વધો**' એ બટન પર ક્લિક કરવાનું રહેશે. આમ કરવાથી વિદ્યાર્થીની પ્રોફાઈલની તમામ વિગત સેવ થઈ જશે અને વિદ્યાર્થી એકેડેમિક વિભાગમાં પોતાની વિગત ભરી શકશે.




## એકેડેમિક (અરજીકર્તાની શૈક્ષણિક વિગતો):

## ૧૦+૨ (એચ.એસ.સી.) ની વિગતો:

## એચ.એસ.સી. / ડીપ્લોમા (સમકક્ષ) / બી.પી.પી.:


10+2 ડિટેલમાં H.S.C./ડીપ્લોમા (સમકક્ષ)/ બી.પી.પી. હેડિંગ અંતર્ગત ત્રણ વિકલ્પ દેખાશે. તેમાંથી વિદ્યાર્થીએ HSC, ડીપ્લોમા (સમકક્ષ) કે BPP પૈકી જે પરીક્ષા પાસ કરેલ હોય તે વિકલ્પ પસંદ કરવાથી સ્ક્રીન પર જે વિન્ડો ખુલે ત્યાં પરીક્ષા બોર્ડ સિલેક્ટ કરવાનું રહેશે.

## પરીક્ષા બોર્ડ:

HSCના કિસ્સામાં પરીક્ષા બોર્ડમાં ભારતના તમામ બોર્ડની માહિતી આપેલ છે, ડીપ્લોમા (સમકક્ષ)ના કિસ્સામાં ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટી, ટેકનિકલ એક્ઝામ બોર્ડ તથા અન્ય એવા વિકલ્પ આપવામાં આવેલ છે, તથા Bachelor's Preparatory Programme (BPP) ના કિસ્સામાં BAOU અને IGNOU એમ બે વિકલ્પ આપવામાં આવેલ છે. અહીં વિદ્યાર્થીએ જે બોર્ડની પરીક્ષા પાસ કરેલ હોય તે બોર્ડ પસંદ કરવાનું રહેશે.

## HSCની માહિતી ઓટો ફેચ કરવા અંગેની સૂચના:

શૈક્ષણિક વર્ષ 2020–2021થી 2024–25 સુધીમાં જે વિદ્યાર્થીએ GS&HSEB (ગુજરાત બોર્ડ) થી પ્રથમ પ્રયત્ને HSCની પરીક્ષા પાસ કરેલ હશે તેનો જ ડેટા સિસ્ટમમાં ઓટો ફેચ થશે. આ માટે વિદ્યાર્થીની HSC પરીક્ષા પાસ કર્યાનું વર્ષ, મહિનો તથા પરીક્ષાના બેઠક નંબરની વિગત ભરી **'બોર્ડના ડેટા મેળવો'** બટન પર ક્લિક કરવાથી સ્ક્રીન પર **Your HSC data fetched from system. Please verify** તેવો મેસેજ જોવા મળશે અને વિદ્યાર્થીનો ડેટા ફોર્મમાં દેખાશે.



**પ્રવાહ:**

વિદ્યાર્થીએ જે પ્રવાહમાં HSCની પરીક્ષા પાસ કરેલ હોય તે પ્રવાહની માહિતી ડ્રોપડાઉનમાંથી પસંદ કરવાની રહેશે. વિજ્ઞાન પ્રવાહ માટે અન્ય બોર્ડના કિસ્સામાં જ્યાં A કે B ગ્રુપ આપેલ ના હોય તો SCIENCE - GROUP AB પસંદ કરવાનું રહેશે.

**HSCની તથા અન્ય પ્રોગામની માહિતી મેન્યુઅલી ભરવા અંગેની સૂચના**

નીચે આપેલ તમામ કિસ્સામાં વિદ્યાર્થીએ મેન્યુઅલ માહિતી ભરવાની રહેશે.

1. વિદ્યાર્થીએ એક કરતા વધુ પ્રયત્ને GS&HSEB (ગુજરાત બોર્ડ)ની પરીક્ષા પાસ કરેલ હોય
2. વિદ્યાર્થીએ શૈક્ષણિક વર્ષ 2020–2021 પહેલા HSCની પરીક્ષા પાસ કરેલ હોય
3. વિદ્યાર્થીએ અન્ય બોર્ડની પરીક્ષા પાસ કરેલ હોય
4. વિદ્યાર્થી ડીપ્લોમા (સમકક્ષ) તથા બી.પી.પી. વિકલ્પ પસંદ કરી માહિતી ભરતા હોય

HSCની માહિતી મેન્યુઅલ ભરવા માટે, સૌ પ્રથમ વિદ્યાર્થીએ પોતાની HSCની પરીક્ષા પાસ કર્યાનું વર્ષ, મહિનો તથા પરીક્ષાના બેઠક નંબરની માહિતી ભરી **'એચ.એસ.સી.ની વિગતો અનફ્રીઝ કરો'** ના બટન પર ક્લિક કરવાનું રહેશે. ડીપ્લોમા (સમકક્ષ) તથા બી.પી.પી વિકલ્પમાં તમામ માહિતી સીધી જ ભરી શકાશે. આ માહિતી ભરવામાં કોઈપણ પ્રકારની ક્ષતિ રહેવા પામે નહિ તેની ખાસ તકેદારી લેવાની રહેશે.

- **માહિતી મેન્યુઅલી ભરવા માટેના સોપાન:**

**મેળવેલ ગુણ (માત્ર થીયરી) અને કુલ ગુણ (માત્ર થીયરી):**

અહીં ફક્ત થિયરીના ગુણનો સરવાળો લખવાનો રહેશે. વિજ્ઞાન પ્રવાહના વિષયના કિસ્સામાં કે કમ્પ્યુટર, ભૂગોળ જેવા અન્ય વિષયના કિસ્સામાં પ્રેક્ટિકલના ગુણ લખવાના રહેશે નહીં.

**મેળવેલ ગુણ (થીયરી + પ્રેક્ટિકલ) અને કુલ ગુણ (થીયરી + પ્રેક્ટિકલ):**

અહીં થિયરી તથા પ્રેક્ટિકલ બંનેના કુલ ગુણનો સરવાળો લખવાનો રહેશે.

**એચ.એસ.સી. શાળાનું નામ / ડીપ્લોમા (સમકક્ષ) કોલેજનું નામ:**

અહીં વિદ્યાર્થીએ તેઓએ જે શાળામાંથી ધોરણ 12નો અભ્યાસ કર્યો હોય તે શાળાનું નામ લખવાનું છે.

**રાજ્ય (જેમાંથી તમે પરીક્ષા પાસ કરી છે):**


અહીં વિદ્યાર્થીએ જે રાજ્યમાંથી HSCની પરીક્ષા પાસ કરેલ હોય તે રાજ્ય પસંદ કરવાનું રહેશે.

**જિલ્લો (જેમાંથી તમે પરીક્ષા પાસ કરી છે):**

અહીં વિદ્યાર્થીઓએ જે જિલ્લામાંથી HSCની પરીક્ષા આપેલ હોય તે જિલ્લો પસંદ કરવાનો રહેશે.

**પરીક્ષા પાસ કર્યાનું માધ્યમ:**


અહીં વિદ્યાર્થીએ તેમણે જે માધ્યમમાં ધોરણ 12ની પરીક્ષા પાસ કરી હોય તે માધ્યમની પસંદગી કરવાની રહેશે. ઉદાહરણ તરીકે, જો વિદ્યાર્થીએ ગુજરાતી માધ્યમમાં પરીક્ષા આપી હોય તો ગુજરાતી વિકલ્પને પસંદ કરવાનો રહેશે.




## H.S.C. Subject Details:

અહીં વિદ્યાર્થીએ તેમની HSCની માર્કશીટમાં આપેલ તમામ વિષયની માહિતી ક્રમાનુસાર ભરવાની રહેશે. દરેક વિષય સામે તે વિષયમાં મેળવેલ ગુણ તથા તે વિષયના કુલ ગુણ લખવાના રહેશે.

અહીં ખાસ ધ્યાન રાખવાનું કે 10+2ની ડિટેલમાં આપવામાં આવેલ થીયરી + પ્રેક્ટિકલના મેળવેલ તથા કુલ ગુણ સરવાળો અને HSCના વિષયવાર ભરેલ ડીટેલના મેળવેલ તથા કુલ ગુણનો સરવાળો સરખો થવો જોઈએ.




## ક્વોટા અને પ્રવેશ પરીક્ષાની વિગતો:

### ક્વોટાની વિગતો:


જો વિદ્યાર્થી અહીં આપેલ NRI Quota, Sports Quota, Ex-Service man Defence Person, Kashmiri Migrant કે Uttar Buniyadi Quota માંથી જે ક્વોટામાં પ્રવેશ મેળવવા ઈચ્છતો હોય તો તે ક્વોટા સામે આપેલ ચેકબોક્ષ પર ટીક કરવાનું રહેશે.

**નોંધ:** વિદ્યાર્થીએ અરજીમાં પસંદ કરેલ ક્વોટાને આધારે તેણે પસંદ કરેલ યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામમાં પ્રવેશ મળવાપાત્ર છે કે કેમ તે માટે તેણે સંબંધિત યુનિવર્સિટી–કોલેજનો સંપર્ક કરવાનો રહેશે. યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામમાં પ્રવેશની કાર્યવાહી સંબંધિત યુનિવર્સિટી–કોલેજ દ્વારા તેમના નિયમોને આધિન કરવામાં આવે છે.

### પ્રવેશ પરીક્ષાની વિગતો:

જો વિદ્યાર્થીએ સંબંધિત યુનિવર્સિટી–કોલેજ દ્વારા તેના કોઈ કોર્સ/પ્રોગ્રામમાં પ્રવેશ માટે લેવામાં આવતી પ્રવેશ પરીક્ષા આપેલ હોય તો તેની વિગતો (પ્રવેશ પરીક્ષાનું નામ, મેળવેલ ગુણ અને કુલ ગુણ) તે અહીં આપેલ ચેકબોક્ષ પર ટીક કરીને દર્શાવી શકશે.

**નોંધ:** વિદ્યાર્થીએ અરજીમાં દર્શાવેલ પ્રવેશ પરીક્ષાને આધારે મેરીટની ગણતરી અને પ્રવેશ સંબંધિત વિગતો માટે સંબંધિત યુનિવર્સિટી–કોલેજનો સંપર્ક કરવાનો રહેશે. યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામમાં પ્રવેશની કાર્યવાહી સંબંધિત યુનિવર્સિટી–કોલેજ દ્વારા તેમના નિયમોને આધિન કરવામાં આવે છે.




## ચોઈસ ફીલિંગ:

## અરજદારની કોલેજ પસંદગીની વિગતો:

ચોઈસના બટન પર ક્લિક કરવાથી વિદ્યાર્થીને પોતે જે કોલેજમાં પ્રવેશ મેળવવા ઈચ્છે છે તે માટેની ચોઈસનું પેજ સ્ક્રીન પર દેખાશે. આ પેજમાં યુનિવર્સિટીનું નામ, કોર્સ / પ્રોગ્રામનું નામ, જિલ્લાનું નામ અને કોલેજનો પ્રકાર એમ કુલ ચાર ફિલ્ડ્સ આપેલ હશે.

## યુનિવર્સિટીનું નામ:

અહીં વિદ્યાર્થી જે યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા ઈચ્છતો હોય તે યુનિવર્સિટીની પસંદગી કરી શકે છે.

## કોર્સ/પ્રોગ્રામનું નામ:


પસંદગીની યુનિવર્સિટી સિલેક્ટ કરવાથી તે યુનિવર્સિટીમાં ચાલતા કોર્સ કે પ્રોગ્રામના નામ "કોર્સ/પ્રોગ્રામનું નામ" ડ્રોપડાઉન મેનુમાં દેખાશે. અહીં વિદ્યાર્થીએ તેઓ જે કોર્સ કે પ્રોગ્રામમાં પ્રવેશ મેળવવા ઈચ્છે છે તે કોર્સ કે પ્રોગ્રામની પસંદગી કરી શકે છે. તમામ પ્રકારના કોર્સ/પ્રોગ્રામની માહિતી મેળવવી હોય તો – All -- ઓપ્શનની પસંદગી કરી શકે છે.

## જિલ્લાનું નામ:

અહીં વિદ્યાર્થી જે જિલ્લામાં અભ્યાસ કરવા ઈચ્છે છે તે જિલ્લાનું નામ પસંદ કરી શકે છે.

## કોલેજનો પ્રકાર:


અહીં વિદ્યાર્થીને Government, Grant In Aid - Regular, Grant In Aid – Higher Payment, Self-Finance એમ કોલેજના વિવિધ પ્રકાર જોવા મળશે. વિદ્યાર્થી જે પ્રકારની કોલેજમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તેને ડ્રોપડાઉન મેનુમાંથી પસંદ કરી શકે છે. જો વિદ્યાર્થીએ તમામ પ્રકારની કોલેજની માહિતી મેળવવી હોય તો – All -- ઓપ્શનની પસંદગી કરી શકે છે.




તમામ માહિતી સિલેક્ટ કર્યા બાદ વિદ્યાર્થીએ 'શોધો' બટન પર ક્લિક કરવાનું રહેશે. આ બટન પર ક્લિક કરવાથી વિદ્યાર્થીને તેણે પસંદ કરેલ યુનિવર્સિટી, કોલેજ તથા કોર્સની માહિતી **'પસંદ કરવા માટે ઉપલબ્ધ કોલેજો'** નામના

બોક્સમાં જોવા મળશે. અહીં વિદ્યાર્થી જે કોલેજમાં કે કોર્સમાં પ્રવેશ મેળવવા ઈચ્છતો હોય તેની પસંદગી કરવાની રહેશે. પસંદ કરેલ કોલેજની માહિતી '**પસંદ કરેલ કોલેજોની વિગતો**' નામના બોક્સમાં જોવા મળશે.

વિદ્યાર્થી દ્વારા તેઓને જે યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામ–મુખ્ય વિષયમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય પ્રથમ કોલમ Add હેઠળ આપવામાં આવેલ વાદળી કલરના + નિશાની વાળા બટન પર ક્લિક કરી સિલેક્ટ કરી શકશે. વિદ્યાર્થીએ પસંદ કરેલ તમામ કોલેજો **'પસંદ કરેલ કોલેજોની વિગતો'** નામના બોક્સમાં જોવા મળશે.


પસંદ કરેલ કોલેજોની વિગતો

* Please click on "Save & Next" button to save Choice.

કુલ પસંદ કરેલ કોલેજો : 12

| Remove | Up | Down | Preferer No. | University Name | College Name | Program name | Major Subject Name | Institute Type | Medium of Instruction | Education Mode | Shift |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1 | [redacted] | | BACHELOR OF ARTS | ENGLISH | Self Finance | Gujarati | Co-Education | Morning |
| | | | 2 | | | BACHELOR OF ARTS | GUJARATI | Self Finance | Gujarati | Co-Education | Morning |
| | | | 3 | | | BACHELOR OF ARTS | HINDI | Self Finance | Gujarati | Co-Education | Morning |
| | | | 4 | | | BACHELOR OF ARTS | SANSKRIT | Self Finance | Gujarati | Co-Education | Morning |
| | | | 5 | | | BACHELOR OF ARTS | SOCIOLOGY | Self Finance | Gujarati | Co-Education | Morning |
| | | | 6 | | | BACHELOR OF COMMERCE | ACCOUNTANCY | Self Finance | Gujarati | Co-Education | Morning |

સેવ કરો અને આગળ વધો

વિદ્યાર્થીએ પસંદ કરેલ કોલેજોના કિસ્સામાં પસંદગી ક્રમમાં કોઈ ફેરફાર કરવો હોય તો સંબંધિત યુનિવર્સિટી–કોલેજના નામ અને પ્રેફરન્સ નંબર આગળ કોલમ ૨ અને ૩માં દર્શાવેલ ઉપર અને નીચેના એરો બટનથી ક્રમ ઉપર–નીચે કરી શકાશે. જો વિદ્યાર્થીએ પસંદ કરેલ કોલેજ રદ્દ/દૂર કરવી હોય તો સંબંધિત યુનિવર્સિટી–કોલેજના નામ અને પ્રેફરન્સ નંબર આગળ કોલમ ૧માં દર્શાવેલ રીમુવ બટન પર ક્લિક કરીને દૂર કરી શકશે.

વિદ્યાર્થીએ પસંદ કરેલ કોલેજોની વિગત બોક્સમાં તેણે પસંદ કરેલ કોલેજોના પ્રેફરન્સ નંબર ગોઠવ્યા બાદ અને પસંદ કરેલ યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામ–મુખ્ય વિષયની વિગતોની ફેરચકાસણી કર્યા બાદ '**સેવ કરો અને આગળ વધો**' પર ક્લિક કરવાથી વિદ્યાર્થીના કોલેજની પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થશે અને વિદ્યાર્થી ફોર્મ ફાઈનલ સબમિટ કરી શકશે.

## ફાઈનલ સબમિશન:


ફોર્મ કોના દ્વારા ભરાયું?

Student | Form Filling Center

(Student) અરજીકર્તા દ્વારા ઘોષણા

- હું આથી જાહેર કરું છું કે આ ફોર્મમાં દર્શાવેલ બધી વિગતો મારી શ્રેષ્ઠ જાણકારી અને માન્યતા મુજબ સાચી છે.
- હું જાણું છું કે GCAS ફક્ત એક નોંધણી પ્લેટફોર્મ છે.
- મારો પ્રવેશ સંબંધિત યુનિવર્સિટી-કોલેજો દ્વારા ઘડવામાં આવેલા નિયમો અને પાત્રતાને આધીન છે.
- હું એ પણ સ્વીકારું છું કે મારા પ્રવેશ અંગે યુનિવર્સિટી/કોલેજનો નિર્ણય અંતિમ રહેશે, અને હું તેનું પાલન કરવાની ખાતરી આપું છું.
- હું જાણું છું કે GCAS નોંધણી ફી પરત નહીં મળે.
- હું એ પણ જાણું છું કે રેગિંગ પ્રતિબંધિત છે અને જો હું દોષિત ઠરીશ તો હું નિયમાનુસાર સજા માટે જવાબદાર રહીશ.

અંતિમ સબમિશન | ડેશબોર્ડ પર પાછા જાઓ


ફાઈનલ સબમિટના પેજ પર વિદ્યાર્થીને તેમણે ભરેલ તમામ માહિતી દેખાશે. જો માહિતીમાં કોઈ ક્ષતિ જણાય તો વિદ્યાર્થી ડેશબોર્ડ પર પરત ફરી સંબંધિત ફિલ્ડ પર જઈને એ ક્ષતિ સુધારી શકશે. સંબંધિત પેજ પર તમામ સુધારા વિદ્યાર્થીએ "સેવ કરો અને આગળ વધો" બટન પર અચૂક ક્લિક કરીને તમામ સુધારાઓ સેવ કરવાના રહેશે. તમામ સુધારાઓ કાર્ય બાદ ફરીથી ફાઈનલ સબમિટ પેજ પર આવીને વિગતો ચકાસીને ક્ષતિ વગરનું ફોર્મ વિદ્યાર્થીએ સબમિટ કરવાનું રહેશે.

ફોર્મ સબમિટ કરતા પહેલા વિદ્યાર્થીએ ફોર્મની નીચે આપવામાં આવેલ **'ફોર્મ કોના દ્વારા ભરાયું?'** ફિલ્ડમાં જો તેણે જાતે ભર્યું હોય તો સ્ટુડન્ટ પસંદ કરવું અને જો ફોર્મ નજીકના ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર ખાતે ભર્યું હોય તો 'ફોર્મ ફીલિંગ સેન્ટર' પસંદ કરવું.

આ ફિલ્ડ ભર્યા બાદ **‘(Student) અરજીકર્તા દ્વારા ઘોષણા’**માં આપેલ વિગતો વાંચીને સમજવી તથા ત્યાં આપેલ ચેકબોક્ષ પર ક્લિક કરી ટીક કરવું અને છેલ્લે આપેલ **‘અંતિમ સબમિશન’** બટન પર ક્લિક કરી પોતાની અરજી સબમિટ કરવી.

**ખાસ નોંધ:** એક વાર ફોર્મ સબમિટ થઈ જાય, તો ફોર્મ લૉક થઈ જશે અને વિદ્યાર્થી ફોર્મમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરી શકશે નહિ. ફાઈનલ સબમિટ થયેલ ઓનલાઈન ફોર્મમાં જો કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો વિદ્યાર્થી નજીકના ફોર્મ વેરીફીકેશન સેન્ટર પર જઈ ઓનલાઈન ફોર્મમાં ફક્ત જરુરી માહિતીમાં જ સુધારો કરાવી શકશે.

## વેરીફીકેશન:




વિદ્યાર્થીએ ઓનલાઈન અરજી સબમિટ કર્યા બાદ ડેશબોર્ડ પર પરત આવી અરજીની માહિતી વિભાગમાં **‘વેરીફીકેશન સ્ટેટસ’** ચેક કરવું. જો વેરીફીકેશન સ્ટેટસમાં **“VISIT VERIFIECATION CENTRE FOR VERIFICATION.”** તેમ દર્શાવેલુ હશે તથા નીચે અરજીની પ્રગતિ વાળા બોક્સમાં Verify વાળું ફિલ્ડ લાલ રંગથી દેખાતું હોય તે તેણે તેની અરજીનું વેરીફીકેશન નજીકના વેરીફીકેશન સેન્ટર પર કરાવવાનું રહેશે. વિદ્યાર્થી નજીકના વેરીફીકેશન સેન્ટર પર જઈને અરજીનું વેરીફીકેશન કરાવશે ત્યારબાદ આ ફિલ્ડ લીલા રંગનું દેખાશે. અન્યથા અહીં **“NO NEED TO VERIFY.”** સાથે નીચે અરજીની પ્રગતિ વાળા બોક્સમાં Verify વાળું ફિલ્ડ લીલા રંગનું આવશે. વિદ્યાર્થીએ તેના અસલ ડોક્યુમેન્ટ્સ સાથે નજીકના વેરીફીકેશન સેન્ટર ખાતે રૂબરૂ જઈને તેની અરજીનું વેરીફીકેશન કરાવવાનું રહેશે. **વિદ્યાર્થીએ તેની ઓનલાઈન સબમિટ કરેલ અરજી વેરીફાઇ નહિ કરાવી હોય તો તે પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે નહિ, જેની ખાસ નોંધ લેવી.**

### ઓનલાઈન અરજીના વેરીફીકેશન માટે વિદ્યાર્થીએ ધ્યાનમાં રાખવાની અગત્યની બાબતો:

1. વેરીફીકેશન સેન્ટરની યાદી GCAS પોર્ટલના હોમ પેજ પર “List of Centers” વિભાગમાં ઉપલબ્ધ છે. વિદ્યાર્થી તેમની નજીકના વેરીફીકેશન સેન્ટર વિગત ત્યાંથી મેળવી શકશે.
2. જે વિદ્યાર્થીએ બિનઅનામત કક્ષામાં અરજી કરી હશે અને જેમનો ધોરણ 12નો ડેટા ઓટો ફેચ થયો હોય તે વિદ્યાર્થીએ ફોર્મનું વેરીફીકેશન કરાવવાની જરૂર નથી. અન્ય વિદ્યાર્થીઓએ ફોર્મ સબમિટ કર્યા બાદ ફોર્મ વેરીફીકેશન સેન્ટર પર ઓનલાઈન અરજી ફોર્મ ફરજિયાત વેરીફાઈ કરાવવાનું રહેશે.
3. જો વિદ્યાર્થીએ અનામત કક્ષામાં અરજી કરી હોય (SEBC(OBC)/EWS/PwBD) અને તેની પાસે નોન–ક્રીમીલેયર સર્ટીફીકેટ કે EWSનું પ્રમાણપત્ર કે દિવ્યાંગતાનું પ્રમાણપત્ર વેરીફીકેશન સમયે ઉપલબ્ધ ન હોય પરંતુ તેણે તે પ્રમાણપત્ર માટે અરજી કરી હોય અને તેની રસીદ તેની પાસે ઉપલબ્ધ હોય તો વિદ્યાર્થી

વેરીફીકેશન સેન્ટર પર અસલ રસીદ દર્શાવીને અરજી વેરીફાઈ કરાવી શકશે. આવા વિદ્યાર્થીની અરજી **શરતી વેરીફાઈડ** કરવામાં આવશે. વિદ્યાર્થીએ પ્રવેશ સમયે અનામત કક્ષાનો લાભ મેળવવા માટે સંબંધિત યુનિવર્સિટી–કોલેજ ખાતે અસલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. અન્યથા તેનું મેરીટ સંબંધિત યુનિવર્સિટી–કોલેજના નિયમાનુસાર જનરલ કેટેગરીમાં ગણવામાં આવશે.

4. વિદ્યાર્થીએ ઓનલાઈન અરજીના વેરીફીકેશન સમયે તેણે અરજીમાં જણાવેલ વિગતોના સમર્થન માટેના જરૂરી તમામ અસલ ડોક્યુમેન્ટ્સ વેરીફીકેશન સેન્ટર પર રજૂ કરવાના રહેશે. સ્નાતક (UG) કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ અર્થે વેરીફીકેશન માટેના ડોક્યુમેન્ટ્સની યાદી નીચે મુજબ છે:
    a. SSCની માર્કશીટ
    b. HSC કે તેના સમકક્ષ પરીક્ષાની માર્કશીટ
    c. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર
    d. ટ્રાયલ સર્ટીફીકેટ (લાગુ પડતા કિસ્સામાં)
    e. ગેપનું સર્ટિફિકેટ (લાગુ પડતા કિસ્સામાં)
    f. જાતિનું પ્રમાણપત્ર (લાગુ પડતા કિસ્સામાં)
    g. નોન–ક્રીમીલેયર સર્ટિફિકેટ (ફક્ત SEBC/OBC વિદ્યાર્થીઓ માટે)
    h. EWSનું પ્રમાણપત્ર (લાગુ પડતા કિસ્સામાં)
    i. દિવ્યાંગતા (PwBD) પ્રમાણપત્ર (લાગુ પડતા કિસ્સામાં)
    j. ગેઝેટની કોપી અથવા લગ્નનું પ્રમાણપત્ર (નામ બદલવાના કિસ્સામાં)
    k. સંબંધિત ક્વોટામાં પ્રવેશ માટે અરજી કરવાના કિસ્સામાં ક્વોટાના સમર્થન માટેના ડોક્યુમેન્ટ્સ (લાગુ પડતા કિસ્સામાં)
5. વેરીફીકેશન દરમ્યાન વિદ્યાર્થીની ઓનલાઈન અરજીમાં કોઈ ક્ષતિ માલુમ પડશે તો વેરીફીકેશન સેન્ટર પર તેની વિગતો વેરીફીકેશન સેન્ટર દ્વારા સુધારી શકાશે. વિગતો સુધારવા માટે વિદ્યાર્થીએ ઓનલાઈન અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર અને ઈ–મેલ પર આવેલ OTP વેરીફીકેશન સેન્ટરને આપવાનો રહેશે.
6. પરંતુ, વિદ્યાર્થીની ઓનલાઈન અરજીમાં શૈક્ષણિક વિગતોમાં કોઈ ક્ષતિ હશે તો તેનો સુધારો વેરીફીકેશન સેન્ટર દ્વારા થશે નહિ. તે માટે વેરીફીકેશન સેન્ટર દ્વારા વિદ્યાર્થીની અરજી **"Sent Back for Edit"** કરવામાં આવશે. ત્યાર બાદ, વિદ્યાર્થીએ પોતાના લોગ–ઈનમાં જઈને જરૂરી સુધારા કરી અરજી ફરીથી સબમિટ કરવાની રહેશે. વિદ્યાર્થીએ અરજી એડિટ કરીને સબમિટ કર્યા બાદ **ફરીથી વેરીફાઈ કરાવવી ફરજીયાત છે**. અન્યથા વિદ્યાર્થી પ્રવેશ પ્રકિયામાં ભાગ લઈ શકશે નહિ.
7. **વિદ્યાર્થીએ કોઈ પણ ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર કે વેરીફીકેશન સેન્ટર પર તેના અસલ દસ્તાવેજ જમા કરાવવાના રહેતાં નથી, જેનું ખાસ ધ્યાન રાખવું.**

## વિદ્યાર્થીએ ધ્યાનમાં રાખવાની અન્ય અગત્યની બાબતો:

1. રાજ્યની ૧૫–સરકારી યુનિવર્સિટીઓ અને તેને સંલગ્ન કોલેજ–પ્રોગ્રામમાં પ્રવેશ મેળવવા સંદર્ભે અરજી કરવા માટે GCAS પોર્ટલ મંચ પૂરું પાડે છે. પરંતુ જે વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલ મારફત યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામમાં પ્રવેશ માટે અરજી કરી હશે તેવા જ વિદ્યાર્થીઓ રાજ્યની ૧૫–સરકારી યુનિવર્સિટીઓના GCAS પોર્ટલ પર દર્શાવેલ કોલેજ–પ્રોગ્રામમાં પ્રવેશ મેળવી શકશે.
2. વિદ્યાર્થી GCAS પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરી પોતે પસંદ કરેલ કોલેજ–પ્રોગ્રામમાં સંબંધિત યુનિવર્સિટી/કોલેજના પ્રવર્તમાન નિયમાનુસાર પ્રવેશ મેળવી શકશે.
3. GCAS પોર્ટલ પર વિદ્યાર્થીએ નિયત સમયપત્રકને ચુસ્તપણે અનુસરવાનું રહેશે. આ સમયપત્રક મુજબ પોર્ટલ પર સંપૂર્ણ માહિતી ભરીને, રજિસ્ટ્રેશન ફી ભર્યા બાદ ફોર્મ સબમિટ કરવું તથા વિદ્યાર્થીના લોગ–

ઈનના ડેશબોર્ડ પર દર્શાવ્યા મુજબ વેરીફીકેશન કરાવવું અનિવાર્ય છે, અન્યથા વિદ્યાર્થીની અરજી પ્રવેશ માટે ધ્યાનમાં લેવાશે નહીં.

4. GCAS પોર્ટલ પર દર્શાવેલ માહિતીની સત્યતાની જવાબદારી માહિતી ભરનાર વિદ્યાર્થીની પોતાની છે. ખોટી માહિતી ભરવાથી અને ખોટા દસ્તાવેજો રજૂ કરવાથી વિદ્યાર્થી પ્રવેશથી વંચિત રહી જાય તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે. આથી વિદ્યાર્થીએ પોર્ટલ પર તમામ વિગતો ચીવટપૂર્વક ભરવી.
5. GCAS પોર્ટલ પર એકવાર બેઝિક માહિતી, શૈક્ષણિક માહિતી, પ્રોગ્રામ–કોલેજ–યુનિવર્સિટી વગેરેની વિગતો ભરી, ફોર્મ સબમીટ થઈ ગયા બાદ જો વિદ્યાર્થી આ માહિતીમાં કોઈ ફેરફાર કરવા માંગે તો તે ફેરફાર ફોર્મ ભરવાની અંતિમ તારીખ પહેલા કરી શકે છે, પરંતુ આવા કોઈ પણ ફેરફાર કર્યા બાદ દરેક વખતે ફોર્મ સબમિટ કરવું અને લાગુ પડતા કિસ્સામાં વેરીફાઈ કરાવવું અનિવાર્ય છે, અન્યથા ફોર્મ પ્રવેશ માટે ધ્યાને લેવાશે નહીં.
6. જે વિદ્યાર્થીઓની માર્કશીટમાં માત્ર ગ્રેડ દર્શાવેલા હોય તેવા વિદ્યાર્થીઓએ સંલગ્ન બોર્ડ/યુનિવર્સિટીની માર્કશીટની સાથે માર્ક્સ/ટકાવારી દર્શાવતું સર્ટિફિકેટ (Conversion Certificate) અપલોડ અનિવાર્ય છે.
7. વિદ્યાર્થીને GCAS પોર્ટલ પર ઓનલાઈન અરજી કરતી વખતે "Choice" પેજ પર પ્રોગ્રામ–કોલેજ–યુનિવર્સિટી શોધવામાં કોઈ મુશ્કેલી જણાય તો તેઓ GCAS પોર્ટલના હોમપેજ https://GCAS.gujgov.edu.in/ પર આપેલ સર્ચબોક્ષનો ઉપયોગ કરીને તેમની પસંદગીના પ્રોગ્રામ–કોલેજ–યુનિવર્સિટી શોધી શકે છે.
8. વિદ્યાર્થીને GCAS પોર્ટલ પર ઓનલાઈન ફોર્મ ભરવામાં જો કોઈ મુશ્કેલી જણાય તો પોર્ટલ પર દર્શાવેલ ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટરની રૂબરૂ મુલાકાત લઈ મદદ મેળવી શકશે.
9. જે યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામમાં વિદ્યાર્થીને પ્રવેશ મળતો હોય તે તેને સૌ પ્રથમ તેના લોગ–ઈનમાં ડેશબોર્ડ પર OTP મારફત પ્રવેશ કન્ફર્મ કરી ત્યારબાદ સંબંધિત યુનિવર્સિટી–કોલેજમાં રૂબરૂ જઈ વિદ્યાર્થીએ નિયત સમયમર્યાદામાં યુનિવર્સિટી–કોલેજ ખાતે રિપોર્ટિંગ કરવાનું રહેશે અને પોતાના રજિસ્ટર્ડ મોબાઈલ અને ઈમેલ પર આપવામાં આવેલ OTP યુનિવર્સિટી/કોલેજના સત્તાવાળાને આપી જે તે પ્રોગ્રામમાં પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે. જો વિદ્યાર્થી પ્રવેશની ઓફર મળ્યા બાદ નિયત સમયમર્યાદામાં જે તે કોલેજમાં પોતાનો પ્રવેશ ઓનલાઈન પોર્ટલ પર અને રૂબરૂમાં કન્ફર્મ નહીં કરાવે તો સંબંધિત કોલેજમાં તેનો પ્રવેશ–અધિકાર રહેશે નહીં.
10. યુનિવર્સિટી/કોલેજમાં રિપોર્ટિંગ વખતે વિદ્યાર્થીએ પોતાના તમામ અસલ દસ્તાવેજોની ચકાસણી કોલેજ/યુનિવર્સિટી ખાતે કરાવવાની રહેશે.
11. વિદ્યાર્થી ખરેખર જે યુનિવર્સિટી–પ્રોગ્રામમાં પ્રવેશ મેળવવા માગતા હોય તેટલા જ યુનિવર્સિટી–પ્રોગ્રામની પસંદગી કરવી. આવી પસંદગી કરતી વખતે ધોરણ 12માં મેળવેલ ટકાવારી ખાસ ધ્યાને લેવી.
12. જે તે યુનિવર્સિટી/કોલેજની વેબસાઈટ પર તથા પોર્ટલ પર દર્શાવવામાં આવેલ જુદા જુદા પ્રોગ્રામ્સની લાયકાતના નિયમો ધ્યાનમાં લઈને જ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી–પ્રોગ્રામ્સની પસંદગી કરવી.
13. GCAS પોર્ટલ મારફત એક જ અરજી દ્વારા વિદ્યાર્થી એક કરતાં વધુ યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામ પસંદ કરી શકશે. પરંતુ એક અરજી મારફત વિદ્યાર્થી કોઈપણ એક જ યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામમાં પ્રવેશ મેળવી શકશે.
14. જે પ્રોગ્રામ્સમાં ACPC, ACPDC, ACMPC કે અન્ય કોઈ કાઉન્સિલ દ્વારા પ્રવેશ નિર્ધારિત કરવામાં આવતા હોય તેવા પ્રોગ્રામ્સમાં પ્રવેશ મેળવવા માટે GCAS પોર્ટલ મારફત અરજી કરવાની રહેતી નથી.
15. પ્રવેશની કાર્યવાહીને લગતી અન્ય બાબતો વખતો–વખત જાહેર કરવામાં આવશે. આથી વિદ્યાર્થીએ GCAS પોર્ટલની નિયમિત મુલાકાત લેવી.

**********